# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-08-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છ : સ્પોર્ટસ ડેની ઉજવણી

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા "નેશનલ સ્પોર્ટસ ડે" કાર્યક્રમની ઉજવણી અંતર્ગત તા. ૨૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આજરોજ જિલ્લાકક્ષાના નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણી આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ભુજ ખાતે સાંસદ વિનોદભાઇ ચાવડાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. સાંસદ વિનોદભાઈ ચાવડાએ પ્રધાનમંત્રીની પ્રેરણાથી અને ભારતના ગ્રામીણ વિસ્તારોમાંથી ખેલ પ્રતિભાઓને ઉજાગર કરવા માટે 'સાંસદ ખેલ મહોત્સવ'ના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાવ્યો હતો.

કચ્છ કલેક્ટર આનંદ પટેલે નેશનલ સ્પોર્ટસ ડેની શુભેચ્છાઓ પાઠવીને મેજર ધ્યાનચંદના રમત-ગમત ક્ષેત્રના પ્રસંગોને વિદ્યાર્થીઓ સમક્ષ વાગોળ્યા હતા. આ ઉજવણી દરમિયાન ધારાસભ્ય, ભુજ નગરપાલિકાના પ્રમુખ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ -૨૦૨૫ના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. સાંસદ સહિત મહાનુભાવોએ મેદાન પર જઈને રસ્સાખેંચ, લાંબી કૂદ, દોડ અને કબડ્ડી જેવી સ્પર્ધાઓનો પ્રારંભ કરાવીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

**---------------------------------------------------------------------------------------**

## હવામાન

હવામાન ખાતાએ બીજી સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે

વરસાદની સંભાવના છે. માછીમારોને પણ પહેલી સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા હવામાન ખાતાએ સૂચના આપી છે.

દરમિયાન આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 75 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સવા છ ઇંચ જેટલો વરસાદ તાપીના ડોલવણ તાલુકામા, જ્યારે શહેરા સહિત 12 તાલુકામાં બેથી સવા ચાર ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 87 ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં ડેમ જળાશયની સ્થિતિ

આ વર્ષે કચ્છમાં અત્યાર સુધી સરેરાશનો 85 ટકા વરસાદ વરસી ચૂક્યો છે પરંતુ કચ્છના હજુ કેટલાક ડેમ અને જળાશયો ભરાવાના બાકી છે. જિલ્લાના 20 જેટલા મધ્યમ સિંચાઈ યોજનાના ડેમોમાં અત્યાર 59  ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ 20 પૈકીના છ ડેમ ઓવરફ્લો થયા છે. 14 ડેમ છલકાવાના બાકી છે. જોવા  જઈએ, તો મધ્યમ સિંચાઈના 30 ટકા ડેમ જ ઓવરફ્લો થયા છે, તો નાની સિંચાઈ યોજનાના 170માંથી અત્યાર સુધી 81 ડેમ જ છલકાયા છે. એટલે કે, નાની સિંચાઈ યોજનાના અડધોઅડધ ડેમ હજુ છલકાયા જ નથી.

---------------------------------------------------------------------------------

## મહાત્મા ગાંધીજીની કચ્છયાત્રા

મહાત્મા ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દી અવસરે આરંભાયેલી `ગાંધીપથે યુવાનો' પદયાત્રા ઉત્સાહભર્યા માહોલમાં આગળ વધી રહી છે. પદયાત્રા 25 પદયાત્રી સાથે પાંચમા દિવસે મોથાળા ગામે પહોંચી હતી. મોથાળા ગામની પ્રાથમિક શાળા દ્વારા પદયાત્રીઓનું સ્વાગત કરાયું હતું. શાળાના ધોરણ 9થી 11ના વિદ્યાર્થીઓ સાથે ફિલ્મદર્શન અને સાઈકલયાત્રા અને તેના અનુભવોને લઈને એક સંવાદ રચાયો હતો.  સાતમા દિવસે યાત્રા કોઠારા પહોંચી હતી. અહીં પાચ વધુ પદયાત્રી જોડાયા હતા, જેનાથી યાત્રિકોના ઉત્સાહમાં વધારો થયો હતો.

કોઠારા આશ્રમ શાળામાં પદયાત્રીઓ દ્વારા બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી તથા સાંજે પિંગલેશ્વરના દરિયાકાંઠે યાત્રીઓએ દરિયો માણ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## આત્મહત્યા બચાવવા એપ

સમાજમાં આત્મહત્યાની વધી રહેલી દુ:ખદ ઘટનાઓ અટકાવવા માટે લાઇફ સ્કિલ્સ ડાયનેમિક મેડિટેશન પ્રા. લિ. દ્વારા નિર્મિત માનસિક આરોગ્ય એપ `લાઇફ સ્કિલ્સ ડાયનેમિક્સ'ના ઉપયોગ ઓમ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે, જેના દ્વારા દર માસની 10 તારીખે સમાજના અગ્રણીઓ, પંચાયત સદસ્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, ડોક્ટરો, વકીલ, વ્યાવસાયિકો, પોલીસ અને અન્ય સંસ્થાના લોકોને સમયસર આત્મહત્યાના બનાવ અટકાવીને લોકોને જીવન બચાવવા માટે જીવન દ્વારપાલ તાલીમ વિનામૂલ્યે એપ દ્વારા આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## મકલેશ્વર મેળો

અંજારથી ગળપાદર જતા હાઇવે પર આવેલા 400 વર્ષ જુના મકલેશ્વર મહાદેવ મંદિર ખાતે ઋષિ પંચમીના પરંપરાગત મેળામાં હજારો શ્રધ્ધાળુઓએ શાસ્ત્રોક્ત પૂજા સાથે મેળાનો આનંદ માણ્યો હતો.  પૂજારી સચ્ચીનભારથી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, 50 વર્ષથી આ પરંપરાગત મેળાની ઉજવણી કરવામાં આવે છે. ઋષિ પંચમીના દીવસે ભરાતા આ મેળાનું ધાર્મિક મહત્વ ઘણું છે. આજના દિવસે મહાદેવને અન્નકૂટ ધરાવાય છે , પૂજા કરાય છે સાથે ભવ્ય મેળાનો આનંદ પણ લોકો મોડી રાત સુધી લેતા હોય છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના 2023-24 હેઠળ ગાંધીધામ તાલુકાના વિવિધ સ્થળે સ્લેબ ડ્રેઈન બાંધકામના ત્રણ કામ પહેલું કિડાણા -ભૂકંપ નગર રોડ, બીજુ કિડાણાથી ગાંધીધામ રોડ

અને ત્રીજુ શિણાયથી કિડાણા રોડ એમ ત્રણે કામ કે જેનો અંદાજિત ખર્ચ 177.84 લાખ થનાર છે. તે કાર્યોનું ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતું

---------------------------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે.

---------------------------------------------------------------------------------------------